ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૫ ટકા

# શહેરમાં દશામાના વ્રતના ઉત્સાહમાં ઓટ

## કોરોનાના ડરને કારણે વેપારીઓ પણ અસમંજસમાં છે કે ગ્રાહક આવશે કે નહિ?

**નગરમાં આજથી દશામાના વ્રત નિમિત્તે માતાજીની મૂર્તિનું વેચાણ શરુ થયું છે. જે ગત વર્ષ કરતા ઓછા પ્રમાણમાં છે. કોરોનાના ડરને કારણે વેપારીઓ પણ અસમંજસમાં છે કે ગ્રાહક આવશે કે નહિ? બજારમાં ૧૫૦ રૂપિયાથી લઈને ૪૦૦ રૂપિયા સુધીની માતાજીની મૂર્તિ ઉપલબ્ધ છે અને ઈકો ફ્રેન્ડલી મૂર્તિ ૩૦૦ રૂપિયાથી ૮૦૦ રૂપિયા સુધીમાં વેચાઈ રહી છે. માતાજીની મૂર્તિનું વેચાણ કરનાર સંજય પટની જણાવે છે કે હજી સુધી ઘરાકી નથી અને કોરોનાને લીધે ઘરાક આવશે કે નહિ તે પણ નક્કી નથી. ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું વેચાણ કરનાર અંકિતભાઈ જણાવે છે કે આ વર્ષે અમે કોરોનાને ધ્યાનમાં લઈ ઈકો ફ્રેન્ડલી મૂર્તિ લાવ્યા છીએ જેને કારણે ભકતો પોત પોતાના ઘરે જ મૂર્તિનું વિસર્જન કરી શકે. હવે જોઈએ નગરવાસીઓમાં જેવો ઉત્સાહ હશે તેવી ઘરાકી થશે.**





ગાંધીનગર, તા.૧૮

ઐતિહાસિક કથાનુસાર પ્રાચીન સમયના નલ રાજા અને રાણી દમયંતી સાથે જોડાયેલ વાર્તા સાથે દશામાનું વ્રત અને પૂજનની પ્રથા જોડાયેલી છે. હિંદુ પરિવારો દ્વારા દશામાનું વ્રત દરેક પોતાની અને પોતાના પરિવાર પર આવતી આપત્તિથી મુકિત મળે તે સાથે સાથે સુખ-સમૃધ્ધિ અને સફળતા પ્રાપ્ત થાય તે અર્થે કરવામાં આવે છે. મહિલાઓ ખાસ કરીને દશામાનું વ્રત અને પૂજા પરિવારની આર્થિક સ્થિતિ અને સુખ- શાંતિ માટે કરે છે. સોમવતી અમાસથી દશામાનું વ્રત શરૂ થાય છે. જે પ્રથા મુજબ દસ દિવસ સુધી કરવામાં આવે છે. દર વર્ષે દશામાનું વ્રત આવવાનું હોય તેના દસેક દિવસ પહેલાથી જ નગરમાં એક ઉલ્લાસનું વાતાવરણ બની જાય છે પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં કોરોનાને કારણે આ વર્ષે નગરમાં વ્રતને લઈને કોઈ મોટી ઉજવણી થવાની નથી. આમ તો સે-૨૪ દશામા મંદિર ખાતે વ્રત દરમિયાન ૧૦ દિવસીય ઉત્સાહનો માહોલ સર્જાય છે પરંતુ આ વર્ષે ત્યાં પણ મોટા પાયે ઉજવણી મોકુફ રાખવામાં આવી છે. ઉપરાંત દશામાનું વ્રત સોમવારથી શરૂ થાય છે ત્યારે હજુ આજે માંડ માતાજીની મૂર્તિનું વેચાણ શરુ થયું છે. જેનો ભાવ ૧૫૦ રુપિયાથી લઈ ૮૦૦ રૂપિયા સુધીનો છે. સુંદર કેશ સાથે સજીને માતાજી આસન ગ્રહણ કરીને બેઠા છે તેવો અનુભવ કરાવતી મૂર્તિઓ સાથે પૂજાપાનું પણ વેચાણ બજારમાં થઈ રહ્યું છે.

## નાના વેપારીઓમાં આકરા દંડની ‘ફડક’...!!




કોરોના વાયરસનું સંક્રમણ દિનપ્રતિદિન વધતું જાય છે અનો બીજી તરફ સરકારની વારંવાર જાહેર અપીલ તેમજ દંડની જોગવાઈ છતાં જાહેરમાં થુંકવું, માસ્કના પહેરવો કે સોશ્યલ ડિસ્ટન્સ ના જાળવવું જેવી બેદરકારીઓ નાગરિકો દાખવતા જોવા મળી રહ્યા છે. છેવટે સરકારે દંડની રકમમાં આકરો વધારો કરવા સાથે ‘પાડાના વાંકે પખાલી’ને ડામ જેવા નિયમો પણ કાઢવા માંડયા છે, જેમ કે પાન-મસાલાના ખાઈને ગલ્લાંની આસપાસ જો કોઈ થુંકતું પકડાશે તો ગલ્લાધારકને પણ રૂ.૧૦ હજાર જેવો આકરો દંડ ભોગવવો પડશે. આ વિચિત્ર નિયમથી ફફડી ગેયલા નાના વપારીઓ જેમનું કહેવું ગ્રાહકો માનતા નથી તેમણે ગ્રાહકોને ચેતવવા આવા બોર્ડ બનાવડાવી પોતાના ગલ્લાં આગળ ગ્રાહકોને સ્પષ્ટ રીતે વંચાય તેમ લગાડવાના કિમિયા કરવા પડી રહ્યા છે. સે-૧૧માં અખબારભવન પાછળ ચાની કિટલી તથા ગલ્લો ચલાવતા વેપારીએ સ્વ ખર્ચે આ બોર્ડ લગાડયું છે.

## સિવિલના કોવીડ વોર્ડમાં સીસીટીવી કેમેરા ફીટ કરાયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ૭ માં અને ૮ માળે કોરોના પોઝીટીવ વોર્ડમાં તંત્ર દ્વારા ૨૦ થી વધુ સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા છે. આ સીસીટીવી કેમેરાનું સંચાલન ૪ મજલેથી કરવામાં આવે છે. જયારે કોરોના પોઝીટીવ દર્દીને મળતી સારવાર કેમેરા થકી દર્દીના સગા પણ દર્દીને હરતા ફરતા સીસીટીવી દ્વારા લાઈવ જોઈ શકે છે. તો બીજીતરફ કેમેરાને પગલે સિવિલના કર્મચારીઓની કામગીરી પર પણ નજર રાખી શકાય છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની નવી બિલ્ડીંગમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. રાજયના પાટનગર ગાંધીનગર જિલ્લામાં પણ કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક એક હજારને પાર કરી ગયો છે. જયારે કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં પણ ૭ મા અને ૮ માળે કોવીડના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. હાલના સમયે દર્દીઓની સંખ્યા વધુ છે. ત્યારે સિવિલના આ ૭ અને ૮ માં માળે ૨૦ થી વધુ સીસીટીવી કેમેરા ફીટ કરાયા છે. કોવીડ વોર્ડમાં દર્દીઓ અને દરેક અધિકારી-કર્મચારીની કામગીરી જોઈ શકાય છે. આ સીસીટીવી કેમેરાનું મોનીટરીંગ ૪ માળેથી કરવામાં આવે છે. કોરોના પોઝીટીવ દર્દીઓને મળતી સારવારની સમીક્ષા તંત્ર દ્વારા કરી શકાય છે. જયારે કર્મચારીઓની પણ કામગીરીને જોઈ શકાય છે. દર્દીના સગા પણ દર્દીની ચહલ પહલ જોઈ શકે છે.

## લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સે-૭ માર્કેટ ખાતે માસ્ક અને સેનિટાઈઝરનું વિતરણ

ગાંધીનગર, તા.૧૮

કોરોનાને કારણે હાલ નગરમાં માસ્ક અને સેનિટાઈઝરનો ઉપયોગ કરવો જરુરી બન્યો છે. કોરોનાની શરૂઆતથી જ માસ્કની ડિમાન્ડ વધતી જઈ રહી હતી ત્યારે હાલ સરકાર દ્વારા માસ્ક પહેરવું ફરજીયાત કરવામાં આવ્યું છે પરંતુ શ્રમજીવીઓ પાસે માસ્ક કે સેનિટાઈઝર ખરીદી શકે તેટલી સગવડ ન હોય કે પછી ઘરના દરેક સભ્યો માસ્ક ન લઈ શકે કે સેનિટાઈઝરનો ઉપયોગ ન પણ કરી શકે ત્યારે નગરની અનેક સંસ્થાઓ આ તમામના વ્હારે આવી હતી અને માસ્ક અને સેનિટાઈઝરનું વિતરણ કરાયું હતું તેવી જ રીતે લાયન્સ



કલબ ઓફ ગાંધીનગર ફેમિના સંસ્થા દ્વારા આજે માસ્ક અને સેનિટાઈઝરનું વિતરણ સે-૭ શાકમાર્કેટ અને શોપીંગ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. અહીં ૨૦૦ જેટલા લાભાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ વિતરણનો લાભ લીધો હતો. આ કાર્યના પ્રોજેકટ ચેરમેન વૈશાલીબેન જોષી, ચંદાબેન યાદવ અને દક્ષાબેન જાદવ અને સંસ્થાના પ્રમુખ મમતાબેન રાવલ સાથે સંસ્થાના બહેનો મોટી સંખ્યામાં માસ્ક અને સેનિટાઈઝર વિતરણ કરવા અર્થે ઉપસ્થિત રહ્યા હતા.

### ઉનાવા ધોબીઘાટ નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામના ધોબીઘાટની નજીક તળાવની ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી પોલીસને મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈ રેડ પાડતા જુગાર રમી રહેલા ઉનાવા ગામના મુકેશ નારણભાઈ પટેલ, કાંતિભાઈ જીવાભાઈ રાવળ, કાળાભાઈ જીવણભાઈ રાવળ, ગોવિંદ ડાહ્યાભાઈ રાઠોડ નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૨૨૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે ચારેય જુગારી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.






### રંગબેરંગી રાખડીઓની બજારમાં ધુમ....

રક્ષાબંધનને હજુ વાર છે પરંતુ અત્યારથી જ વિવિધ પ્રકારની, રંગબેરંગી રાખડીઓ બજારમાં આવી ગઈ છે. આ વખતે રાખડી બજારમાં ચાઈનીઝ માલ આવ્યો નથી. તેની ખરીદીમાં પણ ઉદાસીનતા જોવા મળી રહી હોવાથી વેપારીઓ મોટા ભાગે કલકત્તી અને સ્થાનિક બજારની રાખડીઓનો વેપાર કરી રહ્યા છે હજુ જેમ જેમ તહેવાર નજીક આવશે તેમ તેમ ઘરાકી જામશે તેવું વેપારીઓ જણાવી રહ્યા છે.

### ચંદ્રાલા નજીક લકઝરી બસમાંથી ૧૨ બોટલ દારૂ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૮

ચિલોડા પોલીસ મથકના સ્ટાફના કર્મચારીઓ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ની તપાસ કરી રહ્યો હતો ત્યારે હિંમતનગર તરફથી આવતી ખાનગી લકઝરી બસમાં તપાસ હાથ ધરી હતી. જેમાં મુસાફર તરીકે બેસેલા વિશાલ દિનેશભાઈ ગરાસીયા (ઉં.૧૮ રહે. ચિતોડ ખેરવાડા રાજસ્થાન)ના થેલામાંથી પોલીસને વિદેશી દારુની ૧૨ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૭૨૦૦ ની કિંમતનો દારૂ કબ્જે કરી યુવક સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



શહેરના વોર્ડ નં.૭માં કેટલેક ઠેકાણે વરસાદના કારણે ગટર ઉભરાવાની અને અપૂરતા માટી પુરાણને કારણે ખોદકામ કરેલ જગ્યાએ જમીન બેસી જવાની સમસ્યા સર્જાઈ હતી. જો કે સ્થાનિક કોર્પોરેટર હિરલબેન જોષીએ આજે વરસાદે વિરામ લીધો હોવાનો લાભ ઉઠાવી સ્થાનિકોની આ સમસ્યાઓ ઉકેલવા સક્રિય ભૂમિકા ભજવી હતી અને કામ ઝડપથી પુરું કરાવવા પ્રયાસો કર્યા હતા.

## ટપાલપેટી માત્ર ભુલાતી જ નહીં, ‘ખોવાતી’ પણ જાય છે...!!

ગાંધીનગર, તા.૧૮

યુગ પરિવર્તન થઈ ચુકયું છે એક એવો યુગ હતો જયારે સંદેશા વ્યવહાર કબૂતરો દ્વારા કરવામાં આવતો હતો અથવા ખબરીઓ એક ગામથી બીજે ગામ જઈને સંદેશા પહોંચાડતા હતા. પત્રો લખવાની શરૂઆત ખૂબ પ્રાચી કાળથી થઈ હતી જેમાં ખાસ પ્રકારના ઝાડના પાંદડાઓ પર પત્રો લખવાથી માંડીને કાપડ પર પત્રો લખાતા હતા જેને ગોળ વાળીને એક ભૂંગળીમાં મુકી પહોંચાડવામાં આવતા હતા એ પછી યુગ આવ્યો પોસ્ટખાતાનો અને ઠેર ઠેર ટપાલપેટીઓ મુકાઈ, ટપાલીઓ ગામે ગામની શેરીઓમાં ફરતા થયા જેમનું એક અનેરું મહત્વ હતું. ફરી સમયે કરવટ બદલી અને ડિજીટલ ક્રાંતિના યુગમાં ઈમેલ અને એસએમએસ પછી આજે યુગ સોશ્યલ મિડિયા અને વડિયો કોલનો આવી ગયો છે. જો કે હજુ પણ ‘ટપાલ’નું મહત્વ જળવાયેલું છે, ભલે તેનો ઉપયોગ ઘટી ગયો છે. સરકારી કચેરીઓથી માંડીને નાગરિકો સુધી હજુ પણ મહત્વના સંદેશા વ્યવહાર ટપાલ દ્વારા થાય છે પરંતુ ‘ટપાલપેટી’ની હાલત પહેલાં જેવી રહી નથી. એક સમય હતો જયારે પોતાના




વિસ્તારમાં ‘ટપાલપેટી’ મુકાવવા રીતસર મોરચા કાઢવામાં આવતા હતા જયારે આજે એવી હાલત છે કે આપણા વિસ્તારમાં ‘ટપાલપેટી’ કયાં છે તે શોધવી પણ અઘરી પડી જાય. એમાં પણ તસવીરમાં દેખાય છે સેકટર-૨૩ના બગીચા પાસેના ચીપટાઈપ શોપીંગ સેન્ટરે મુકાયેલી ‘ટપાલપેટી’ જેમ ચાની કિટલીનો ભાગ બની ગઈ હોય તો તો ‘ટપાલપેટી’ મળવી મુશ્કેલ જ છે.

## શહેરના વોર્ડ નં.૫માં સ્થાનિક કોર્પોરેટર્સે કર્યું વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં વરસાદી મૌસમ ચાલી રહી છે અને આ ઋતુમાં વાવેલા છોડ ઝડપથી માટી સાથે એકાત્મ સાધી પોતાના મૂળ જમાવી દેતાં હોય છે તેથી પાટનગરમાં પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણની પ્રવૃત્તિ વેગવંતી કરી દેવામાં આવી છે. શહેરમાં વોર્ડ નં. ૫માં સમાવિષ્ટ સેકટર-૧૪, ૧૫ અને ૧૬માં આજે સ્થાનિક કોર્પોરેટર્સ તથા અગ્રણીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં રહીશોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૫માં સમાવિષ્ટ સેકટર-૧૪, ૧૫ અને ૧૬માં સ્થાનિક કોર્પોરેટર્સ રમીલાબેન વાઘેલા, મીનાબેન વાઘેલા અને ચીમનભાઈ વિઝુંડા દ્વારા આયોજિત વૃક્ષારોપણ



કાર્યક્રમમાં કોંગ્રેસી અગ્રણીઓ પ્રદિપસિંહ વાઘેલા (વિદ્યા લાયબ્રેરી), નરેશભાઈ પરમાર, મહેન્દ્રભાઈ શ્રીમાળી, બી.ડી.સોલંકી, વાલજીભાઈ, ધનજીભાઈ, કપિલાબેન સહિત ફતેપુરાના અગ્રણી રહીશો રણછોડભાઈ, માનસિંહભાઈ ઠાકોર, રણજીત ઠાકોર, બાબુજી ઠાકોર, ચંદુજી ભગત, ડાહ્યાજી, વિજયસિંહ માજીરાણા, દિનેશ બ્રહ્મભટ્ટ, મલ્હોત્રાભાઈ, મોતીભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સેકટર-૧૫માં ફતેપુરા પ્રાથમિક શાળામાં તથા સેકટર-૧૪ અને સેકટર-૧૬માં વિવિધ સ્થળે વૃક્ષારોપણ કરાયું હતું. કોર્પોરેટર રમીલાબેન વાઘેલા દ્વારા વાવેલા છોડની સુરક્ષા માટે ટ્રી ગાર્ડની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. વૃક્ષારોપણમાં વાવેલા છોડનું જતન કરી સારસંભાળ લેવાની જવાબદારી સ્થાનિક રહીશોએ સ્વીકારી હતી. કાર્યક્રમ દરમિયાન સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક, સેનિટાઈઝર વગેરેનું પાલન કરાયું હતું.

## સરગાસણ પાસે બ્રિજની બાંધકામ સાઈટની બાજુમાં ઓરડીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના ઘ--૦ થી સરગાસણ તરફ જવાના માર્ગ પર ચાલી રહેલા ઓવરબ્રિજના બાંધકામના સ્થળની નજીક ઓરડીમાંથી ઈન્ફોસીટી પોલીસે ૧૩ પેટી વિદેશી દારૂ સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે રૂ.૭૦,૨૦૦ નો દારૂ, ૩ મોબાઈલ ફોન અને એકસેસ મળીને કુલ રૂ.૧.૨૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પીઆઈ એસ.જે.રાજપૂતના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે સમયે તેઓને ખાનગી રાહે દારૂ અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા ઓરડી પાસે મોપેડ સાથે એક શખ્સ ઝડપાયો હતો. પોલીસે તેનુ નામ પુછતા તેણે જીતેન્દ્ર ગોપાલદાસ રીજવાણી (કિષ્ના પાર્ક નાના ચિલોડા) હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે તેને સાથે રાખીને ઓરડીમાં ચેક કરતા તેમાંથી ૧૩ પેટી વિદેશી દારૂની મળી આવી હતી.જયારે ઓરડીમાં રહેલા અન્ય બે શખ્સોનું નામ પુછતા તે ભાટ ગામનો દશરથ નાનજીભાઈ રાવળ અને સરદારનગરનો રવિ દિલિપભાઈ લાલવાણી હોવાનું સામે આવ્યું હતું. ઈન્ફોસીટી પોલીસે ત્રણેય સામે પ્રોહિએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

## શ્રાવણમાં શિવપૂજા માટે શ્રીમાળી બ્રાહ્મણ સમાજની અનોખી પહેલ

ગાંધીનગર, તા.૧૮

શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસમાં શિવમહિમ્ન અને રુદ્રાભિષેકના પાઠની પરંપરા છેલ્લા ૧૪-૧૫ વર્ષથી અવિરતપણે ચાલતી આવી છે. જેમાં સમાજના અલગ અલગ પરિવારોને ત્યાં પ્રતિદિન ઉત્સાહી જ્ઞાતિજનો જઈને આ પાઠ કરતાં હોય છે.

આ વર્ષની આ વિકટ પરિસ્થિતિમાં રુદ્રાભિષેકના પાઠ પ્રત્યક્ષરૂપે ભેગા થઈને કરવા હિતાવહ નથી. તે જોતા અને ભગવાન શિવની આરાધના ખંડિત ન થાય તે માટે શ્રીમાળી બ્રાહ્મણ સમાજની કારોબારી દ્વારા વિચારણા કર્યા બાદ દોઢ કલાક ચાલતી આ પૂજાને ઓડિયોરૂપે રેકોર્ડ કરીને વધુમાં વધુ જ્ઞાતિજનો દ્વારા સમગ્ર શ્રાવણ માસ દરમિયાન શિવની પૂજા કરવામાં સુલભતા રહે તે અર્થે આ રેકોર્ડિંગ કરીને mp3 સ્વરૂપે દરેક શિવભક્ત માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. જેને વ્હોટ્સએપ દ્વારા દરેક જ્ઞાતિજનને પહોંચાડવામાં આવશે.

પ્રતિવર્ષ આ પાઠ રાત્રે ૮:૪૫ વાગ્યે થતા હતા, તે જ સમય અનુસરીએ તેવી અપેક્ષા આ વર્ષે પણ છે. આ રેકોર્ડિંગ વીપીનભાઈ ઓઝા, પ્રશાંતભાઈ ઓઝા અને પરેશભાઈ ત્રિવેદીના સ્વરોમાં સ્વરબધ્ધ કરવામાં આવ્યું છે.

કોરોના કદાચ મંદિરના દ્વાર બંધ કરાવી શકે, પરંતુ ભકતોની શ્રધ્ધા પર કોઈ તાળાબંધી ન જ કરી શકે તે શ્રીમાળી બ્રાહ્મણ સમાજે સાબિત કરી દીધું છે.

### ચિરવિદાય

- સ્વ. રમેશજી સવજીજી ઠાકોર, ઉ.વ. ૪૦, મુ. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ કાન્તીલાલ અંબાલાલ, ઉ.વ. ૬૯, મુ.કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ગીતા રક્ષિતભાઈ વોરા, ઉ.વ. ૫૨, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. નટવરલાલ કસલચંદ મહેતા, ઉ.વ. ૮૯, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. ગજ્જર નટવરભાઈ બાબુલાલ, ઉ.વ. ૭૩, કલ્યાણપુરા, તા. કલોલ
- સ્વ. વણઝારા આશાજી ભવાજી, ઉ.વ. ૭૦, મુ. બાસણ, જી. ગાંધીનગર